# ફ્લેશ બેક

હેન્રી શાસ્ત્રી feedback.matinee@bombaysamachar.com

# બી. આર. ચોપડાની પહેલી ફિલ્મને ૭૦ વર્ષ થયાં



નામ તો હતું બલદેવ રાજ ચોપડા, પણ બી. આર. ચોપડા તરીકે ઓળખાયા. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એવાં કેટલાંક નામ છે જે કાયમ આદરપૂર્વક લેવાતાં રહેશે. બી. આર. ચોપડા એક એવું નામ છે. બી. આર. ફિલ્મ્સના પ્રતિષ્ઠિત બેનર હેઠળ ફિલ્મોનું નિર્માણ અને દિગ્દર્શન કરનારા ચોપડાસાહેબની દિગ્દર્શક તરીકેની પ્રથમ ફિલ્મ રિલીઝ થઈ એને ૭૦ વર્ષ થવામાં છે. સાત ઑગસ્ટ, ૧૯૫૧ના દિવસે બી. આર. ચોપડા દિગ્દર્શિત પહેલી ફિલ્મ 'અફસાના' રિલીઝ થઈ હતી. આ ફિલ્મના તેઓ સહનિર્માતા પણ હતા. ૧૯૫૧થી જીવ્યા ત્યાં સુધી એટલે કે ૨૦૦૮ સુધી ફિલ્મ મેકિંગ સાથે સક્રિય રીતે જોડાયેલા રહેલા ચોપડાસાહેબની પહેલી ફિલ્મની કેટલીક મજેદાર વાતો જાણીએ.

+ હિન્દી ફિલ્મના અભ્યાસુઓના કહેવા પ્રમાણે 'અફસાના' ડબલ રોલ ફિલ્મોની છડીદાર ગણાય છે. આ ફિલ્મમાં અશોક કુમાર ડબલ રોલમાં છે. રતન અને ચમન એ બે ભાઈનાં પાત્ર એકબીજાથી એકદમ ભિન્ન છે. ટિપિકલ ભાષામાં કહેવું હોય તો મિયાં - મહાદેવનો મેળ ન બેસે એવા આ બે ભાઈ છે. કથા અનુસાર રતન અને ચમન બંને મીરા (અભિનેત્રી વીણા)ના પ્રેમમાં છે. જોકે, એક મેળામાં ત્રણેય વિખૂટાં પડી જાય છે. વર્ષોનાં વહાણાં વીતી જાય છે અને ચમનને ડાન્સ કરતી રસીલી (કુકુ) માટે આકર્ષણ થાય છે, જ્યારે મીરા બચપન કી મુહબ્બત રતનની રાહ જુએ છે. અચાનક કથામાં વળાંક આવે છે અને ચમનના રસીલી માટેના આકર્ષણનું બાષ્પીભવન થઈ જાય છે અને મીરા માટે 'કુછ કુછ હોતા હૈ' જેવી લાગણી થવા લાગે છે. સંજોગોનું કરવું ને રતન અને ચમન ભેગા થાય છે અને પછી શું થાય છે એ જાણવા તમારે ફિલ્મ જ જોવી રહી.

+ આ ફિલ્મની એક લાક્ષણિકતા એ છે કે પહેલી ૧૦ મિનિટ દરમિયાન બાળકલાકારો છવાઈ ગયા છે. સાવ સાદી કથા ધરાવતા એક બાળનાટકને જે ખૂબીથી ફિલ્માવવામાં આવ્યું છે એને માટે લેખક, દિગ્દર્શક અને બાળકલાકારો સરખા યશના અધિકારી છે. અનુકૂળતાએ શરૂઆતની ૧૦ મિનિટ જોજો, બહુ જ આનંદ આવશે એની ગેરંટી.

+ આજે તો ફિલ્મ મેકિંગની ટેક્નિક એ હદે વિસ્તરી છે કે ભૂતકાળમાં જે કપરું કામ હતું એ આજે ડાબા હાથનો ખેલ બની ગયું છે. આજથી ૭૦ વર્ષ પહેલાં ડબલ રોલવાળી ફિલ્મનું શૂટિંગ કરવું આસાન કામ નહોતું. બી. આર. ચોપડા પહેલાં એક અશોક કુમાર (રતન)નો શોટ લેતા અને ત્યાર બાદ બીજા અશોક કુમાર (ચમન)નું ફિલ્માંકન કરતા. ત્યાર બાદ આ બંને શોટને એકત્ર કરી એ એક જ શોટ લાગે એની કોશિશ કરવામાં આવતી હતી.

+ 'અફસાના' ડબલ રોલ હિન્દી ફિલ્મોની ટ્રેન્ડસેટર માનવામાં આવે છે. એના પછી 'રામ ઔર શ્યામ', 'સીતા ઔર ગીતા', 'હસીના માન જાયેગી', 'ચાલબાઝ' અને એવી બીજી કેટલીક ફિલ્મો બનાવવાની પ્રેરણા મળી. અશોક કુમાર ચોપડાસાહેબના માનીતા અભિનેતા હતા. 'અફસાના' પછી ૧૯૫૬માં આવેલી તેમની 'એક હી રાસ્તા'માં પણ અશોક કુમાર હતા. ગીત વગરની કોર્ટરૂમ ડ્રામા ફિલ્મ 'કાનૂન' અને 'ગુમરાહ'માં પણ અશોક કુમારની હાજરી હતી.

+ આ ફિલ્મની હિરોઈન હતી વીણા. ભારત-પાકિસ્તાનના ભાગલા પૂર્વે ફિલ્મોમાં હિરોઈન તરીકે ચમકનાર વીણાએ સમય પારખી ૧૯૪૬ની 'રાજપૂતાના' ફિલ્મથી સહાયક ભૂમિકા કરવાનું શરૂ કરી દીધું હતું.

'રાજપૂતાના'માં હિરોઈન હતી મધુબાલા. ૧૯૪૦, ૧૯૫૦ અને ૧૯૬૦ના દાયકામાં સહાયક ભૂમિકામાં ચમકેલી વીણા 'પાકીઝા'ના કોઠાવાલી બાઈના રોલમાં જબરદસ્ત પ્રભાવ પાડી ગઈ. ફિલ્મનું સંપૂર્ણ ફોકસ મીના કુમારી પર હતું અને ફિલ્મનાં ગીત-સંગીત પણ છવાઈ ગયાં હોવા છતાં વીણા લોકોના સ્મરણમાં સચવાઈ એ બહુ મોટી સિદ્ધિ કહેવાય.

+ હવે આપણે એક એવા અભિનેતાની વાત કરવી છે જે કુશળ અભિનેતા હોવા છતાં પોતાના બે ભાઈની સરખામણીમાં તેમને ઓછી લોકપ્રિયતા મળી. વાત છે ચમન પુરીની, જેમના બે ભાઈ મદન પુરી અને અમરિશ પુરીને ઈન્ડસ્ટ્રીમાં મોટા ભાઈ કરતાં વધુ માન-સન્માન અને લોકપ્રિયતા મળ્યાં. ફિલ્મમાં મીરાના અંધ પિતાનો રોલ કરનારા ચમન પુરી ૧૯૪૯થી ૧૯૮૯ દરમિયાન આશરે ૯૦ ફિલ્મમાં નજરે પડ્યા, પણ બહુ ઓછા લોકોને આ ગુણી અભિનેતા સ્મરણમાં હશે.

+ હવે બે બાળકલાકારની વાત જેમણે વયસ્ક બનીને ખૂબ લોકપ્રિયતા મેળવી અને આજે પણ એમનાં નામ પડતાં ફિલ્મરસિકોનાં સંસ્મરણો તાજાં થઈ જાય છે. આ બે બાળઅભિનેતા છે તબસ્સુમ અને જગદીપ. ફિલ્મમાં તબસ્સુમનો રોલ જગદીપ કરતાં મોટો હોવાને કારણે એનું નામ પહેલાં લખ્યું છે. માત્ર પાંચ વર્ષની ઉંમરે 'બડી બહન' (૧૯૪૯)માં નજરે પડેલી બેબી તબસ્સુમમાં નાનપણમાં જ ગજબનો આત્મવિશ્વાસ નજરે પડ્યો હતો. શરૂઆતની દસેક મિનિટ આ ફિલ્મ જોશો તો તબસ્સુમ જન્મજાત અભિનેત્રી હોવાનો પુરાવો તમને મળી જશે. ૧૯૫૧માં તબસ્સુમ પાંચ ફિલ્મમાં નજરે પડી હતી. 'અફસાના' ઉપરાંત એની રિલીઝ થયેલી ફિલ્મો હતી 'કાલે બાદલ', 'દીદાર', 'બહાર' અને 'આરામ'. એમાંય 'દીદાર'ના સુપરહિટ સોન્ગ 'બચપન કે દિન ભૂલા ન દેના'માં ઘોડા પર સવાર બેબી તબસ્સુમ પર તો દર્શકો ઓવારી ગયા હતા. તબસ્સુમની સરખમણીમાં બાળઅભિનેતા જગદીપનો રોલ નાનો છે. જોકે, પછી આ અભિનેતાને પણ વધુ કામ મળતું થયું અને છ દાયકા સુધી ફિલ્મોમાં વ્યસ્ત રહ્યા.

# ફિલ્મનું નામ પડદા પરનું નામ બની ગયું



મજનૂ (ડાબે) આઈ. એસ. જોહર સાથે 'એક થી લડકી'માં.

ફિલ્મી દુનિયાની ફરતે ઝાકઝમાળ, એક ગ્લેમર વીંટળાયેલું છે એ જ રીતે અચરજ પણ ગૂંથાયેલું છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ઈતિહાસમાં એવા અનેક પ્રસંગ છે જેના વિષે જાણીએ તો હેરત પામી જવાય, અચંબામાં પડી જવાય. 'મુંબઈ સમાચાર'ના રસિક અને જિજ્ઞાસુ વાચકો માટે આજે એક મજેદાર વાત કરવી છે. વાત છે એક અભિનેતાની. આપણે ત્યાં મૂળ નામ કંઈક હોય ને પડદા પરનું નામ સાવ અલગ જ હોય એવાં ઘણાં ઉદાહરણ જોવા મળ્યાં છે. મોટે ભાગે સ્ક્રીન નેમ તરીકે ઓળખાતું પડદા પરનું નામ ફિલ્મમેકરે જ આપ્યું હોય. પછી યુસુફ ખાન દિલીપ કુમાર બની જાય ને મેહઝબીન મીના કુમારી તરીકે ઓળખાવા લાગે. આજે આપણે જે અભિનેતાની વાત કરવાના છીએ એનું પણ અસલી નામ અને સ્ક્રીન પરનું નામ અલગ અલગ હતાં, પણ એની વિશિષ્ટતા એ છે કે પહેલી જ ફિલ્મમાં પ્રભાવી અદાકારીએ અભિનેતાને ફિલ્મનું જ નામ અપાવી દીધું. પરિણામે હેરોલ્ડ લુઈસ નામનો શખસ મજનૂ તરીકે ઓળખાવા લાગ્યો. આ નામ આજીવન એની સાથે રહ્યું હતું.

બીજી નવેમ્બર, ૧૯૧૩ના દિવસે પંજાબી ખ્રિસ્તી પરિવારમાં જન્મેલા હેરોલ્ડ લુઈસના દાદા ધર્માંતરણ કરી ખ્રિસ્તી થઈ ગયા હતા. દાદાજીએ બાઈબલનું ભાષાંતર પર્શિયન ભાષામાં કર્યું હતું. હેરોલ્ડના પિતાશ્રી સિનેમા હોલના માલિક હતા. એટલે જ કદાચ હેરોલ્ડને નાનપણથી જ અભિનયનો નાદ લાગ્યો હતો. શાળાનું ભણતર પૂરું કર્યા પછી ફિલ્મમાં નસીબ અજમાવવા એ મુંબઈ પહોંચી ગયો. જોકે, આ શહેરમાં બાત બની નહીં એટલે સવારી પહોંચી કલકત્તા. સપનું સાકાર કરવા એક ફિલ્મ કંપનીમાં મામૂલી નોકરી સ્વીકારી લીધી. આ દરમિયાન એ સમયની કમલા મૂવીટોન, શોરી પિક્ચર્સ અને બત્રા પ્રોડક્શન જેવી અગ્રણી ફિલ્મ કંપનીઓ સાથે સંપર્ક થયો. આ જ સંપર્કને કારણે ૧૯૩૫માં પહેલી ફિલ્મ 'મજનૂ'માં ટાઈટલ રોલ મળી ગયો. ફિલ્મમાં પ્રભાવી અભિનયને કારણે એનું નામ બદલી નાખવામાં આવ્યું અને હેરોલ્ડ મજનૂ બની ગયો. અન્ય એક રસપ્રદ વાત એ છે કે એ ફિલ્મની સહકલાકાર રાધા રાની સાથે મજનૂએ લગ્ન કરી લીધાં હતાં.

'મજનૂ' ફિલ્મ 'લારા લપ્પા લારા લપ્પા' ગીતથી જાણીતી બનેલી અભિનેત્રી મીના શોરીના પતિ રૂપ કે. શોરીએ ડિરેક્ટ કરી હતી. આ લૈલા-મજનૂની ટિપિકલ લવ સ્ટોરી નહોતી, બલકે એક ઉપહાસથી ભરેલી મ્યુઝિકલ કોમેડી હતી જેમાં સંગીતકાર હતા ગુલામ હૈદર. ફિલ્મમાં નાયકને મોટરબાઇક સ્ટંટ કરતાં દેખાડ્યો હતો અને એક દૃશ્યમાં વિલન જ્યારે રેલવેના પાટા પર મજનૂની હેરાનગતિ કરે છે એ જોઈને દર્શકોને અચરજ અને રમૂજ થયાં હતાં. ફિલ્મને જ્વલંત સફળતા મળતાં શોરીએ પોતાની આગામી ફિલ્મ 'ટારઝન કી બેટી' (૧૯૩૮)માં મજનૂને રિપીટ કર્યો. હિમાલયના બર્ફીલા પહાડો પર શૂટ થયેલી આ ફિલ્મને પણ સારો આવકાર મળ્યો હતો. એ સમયે એની ગણના ભારતના શ્રેષ્ઠ જંગલ પિક્ચર તરીકે થઈ હતી. ત્યાર બાદ શોરીની દરેક ફિલ્મમાં મજનૂની હાજરી રહેતી. ભારત-પાકિસ્તાનના ભાગલા પછી મજનૂ મુંબઈ આવ્યો અને એના ગોડફાધર શોરીએ 'એક થી લડકી' (૧૯૪૮) ફિલ્મમાં આઈ. એસ. જોહર સાથે મજનૂની જોડી જમાવી. આ જોડીની કોમેડીને અફાટ લોકપ્રિયતા મળી. પરિણામે એ પછી પોતાની દરેક ફિલ્મમાં શોરીએ આ જોડી જાળવી રાખી હતી. હોલીવૂડની બોબ હોપ અને બિંગ કોસ્બીની પ્રખ્યાત પેરની સ્ટાઈલને અનુસરી મજનૂ અને જોહર પરફોર્મ કરતા હતા. જોડીની લોકપ્રિયતા જોઈને અન્ય ફિલ્મ મેકરોએ પણ આ જોડીને ચમકાવી હતી. હિન્દી ઉપરાંત પંજાબી ફિલ્મોમાં પણ મજનૂએ કોમેડિયન તરીકે સારી સફળતા મેળવી હતી. ૧૯૭૫માં એનું અવસાન થયું હતું.

છોટી છોટી બાતેં

# ૬૦ વર્ષ પહેલાંની 'હીરો સલાટ'




આપણા દેશના કિલ્લાઓની વાત નીકળે ત્યારે લાલ કિલ્લો, ગોલકોન્ડા ફોર્ટ, રાયગઢનો કિલ્લો, કુંભલગઢનો કિલ્લો વગેરેની વાત હોંશે હોંશે થાય. દિલ્હી, હૈદરાબાદ, મહાડ અને ઉદેપુરનો પણ ઉલ્લેખ થાય. જોકે, કિલ્લા કથામાં ગુજરાતનું નામ તમે નહીં સાંભળ્યું હોય. ગુજરાતમાં કિલ્લો છે જ નહીં એવું નથી. વાત એટલી જ છે કે મળવી જોઈએ એટલી પ્રસિદ્ધિ આ રાજ્યના કિલ્લાઓને નથી મળી. ૧૯૬૦માં આવેલા ગુજરાતી ચિત્રપટ 'હીરો સલાટ'ની કથામાં ડભોઈના કિલ્લાની પાર્શ્વભૂમિ હતી. ડભોઈના કિલ્લાના ચણતરમાં રાજા સિદ્ધરાજ જયસિંહના આદેશથી હીરા સલાટ તરીકે ઓળખ મેળવનાર હીરાધર શિલ્પીનું મોટું યોગદાન હતું. જોકે, રાજા સિદ્ધરાજના હુકમથી હીરો સલાટ કિલ્લાની દીવાલમાં જીવતો ચણાઈ ગયો હતો.

આ જાણીતી વાર્તા પરથી શ્રી ચાંપશીભાઈ નાગડાએ ફિલ્મ બનાવી હતી. કથા-પટકથા ચત્રભુજ દોશી અને રામચંદ્ર ઠાકુરનાં હતાં અને દિગ્દર્શક ઠાકુર જ હતા. વિજય દત્ત, ચાંપશીભાઈ નાગડા, નલિની ચોનકર, બાબુ રાજે અને ટુનટુન વગેરે કલાકારો હતાં. ગીત-સંગીત અવિનાશ વ્યાસનાં હતાં પણ ચિત્રપટને વ્યાવસાયિક સફળતા નહોતી મળી. ■

# ઓહ ! આ ડાયરેક્ટર માટે મહેશબાબુએ છોડી રિતિક રોશનની 'રામાયણ.'



દક્ષિણના અભિનેતા મહેશબાબુએ રાજામૌલીની આગામી ફિલ્મ માટે 'રામાયણ' છોડવાનો નિર્ણય કર્યો છે. આ ફિલ્મના ડાયરેક્ટર નિતેશ તિવારીએ અગાઉ મહેશબાબુ અને રિતિક રોશનને રામાયણ ફિલ્મમાં ઓફર કરી હતી જેનું બજેટ અધધધ.. ૬૦૦ કરોડનું છે. આ ફિલ્મમાં દીપિકા પદુકોણ પણ સીતાનું પાત્ર ભજવતા જોવા મળશે. જો સૂત્રોનું માનીએ તો મહેશબાબુએ આ ફિલ્મનો હિસ્સો બનવાની ના પાડી દીધી છે. દિગ્દર્શક રાજમૌલીની ફિલ્મ માટે રામાયણ જેવો મોટો પ્રોજેક્ટ છોડી દીધો છે. 'બાહુબલી સિરીઝ પછી મહેશબાબુ અને રાજમૌલી વચ્ચે સમજૂતિ થઇ ગઇ હતી. રાજમૌલીની ફિલ્મ તેમણે 'રામાયણ' પહેલાં જ સાઇન કરી લીધી હતી. ટૂંક સમયમાં જ રાજમૌલી પોતાની ફિલ્મ શરૂ કરી દેશે. જે તારીખોમાં આ ફિલ્મ શૂટ થશે એ જ તારીખોમાં રામાયણનું શૂટિંગ કરવાની વાતો ચાલી રહી છે. એટલે મહેશબાબુએ 'રામાયણ' છોડવા માટે મન બનાવી લીધું. 'રામાયણ'ના નિર્માતા મધુ મેન્ટેના ભારતના મોટા સ્ટાર્સને પોતાની ફિલ્મમાં સાઇન કરવા માગે છે. આ કરણસર તેઓ બૉલીવુડથી લઇને સાઉથ ફિલ્મ ઇન્ડસ્ટ્રીના સુપર સ્ટારો સાથે વાતચીત કરી રહ્યા છે. મહેશબાબુ ઉપરાંત રિતિક રોશન પણ આ ફિલ્મમાં કામ કરશે કે નહીં તે હજુ નક્કી નથી. રિતિક રોશન જ્યાં સુધી ફિલ્મ શરૂ ન કરી દે ત્યાં સુધી તે આ ફિલ્મનો હિસ્સો છે તેવું કહી ન શકાય. વીતેલા વર્ષોમાં રિતિકે ઘણી એવી ફિલ્મો છોડી છે જે મોટા બેનરની હતી. આવી ફિલ્મો ક્યાં તો બંધ કરી દેવામાં આવી હતી અથવા તો બીજા અભિનેતાને લઇને બનાવવામાં આવી હતી. ■

## ફન વર્લ્ડ

'મુંબઇ સમાચાર'એ શરૂ કરેલા જ્ઞાન સાથે ગમ્મત આપતા ફનવર્લ્ડને વાચકોએ ઉમળકાભેર પ્રતિસાદ આપ્યો છે. તમારા ઉમંગ અને ઉત્સાહથી પ્રેરાઈને શરૂ કરેલા આ નવા ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઇ-મેઇલથી મંગળવાર સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નીચે જણાવેલા મેઈલ પર મોકલવાના રહેશે.

funworld@bombaysamachar.com

### જોડી જમાવો

ગીત અને હીરો

| A | B |
|---|---|
| ૧. કે ઘૂંઘરું તૂટ ગયે | વરુણ ધવન |
| ૨. મેરા હી જલવા | રિતિક રોશન |
| ૩. તેરા હીરો ઇધર હૈ | અભિષેક બચ્ચન |
| ૪. કર હર મૈદાન ફતેહ | સલમાન ખાન |
| ૫. કજરા રે | રણબીર કપૂર |

### ઓળખાણ પડી?



હિંદી સિનેમાના આ સંગીતકાર અને ગાયકની ઓળખાણ પડી? ૧૯૭૭માં કારકિર્દીની શરૂઆત કરનારા આ સંગીતકારને નેશનલ એવોર્ડ અને ફિલ્મફેર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. 'બીવી નંબર વન', 'સોલ્જર', 'મુઝે કુછ કહેના હૈ', 'મૈં હૂં ના' જેવી અનેક હિટ ફિલ્મોમાં તેમણે પોતાનું સંગીત આપ્યું હતું.

### હસી લઈએ

ભારે વાવાઝોડાને કારણે ગીરનાર નજીક શીલા પડી અને

એના હસબંડ ઊભા ઊભા દાંત કાઢતા હતાં બોલો!

### પકડદાવ

આપેલા શબ્દોમાંથી એક એક અક્ષર લઇને 'સ્ત્રી' ફિલ્મમાં ભૂતનું પાત્ર કઇ અભિનેત્રીએ ભજવ્યું હતું તે જણાવો.

પૂજા, શ્રવણ, દ્વારા, રસ્તા, કસ્તૂરી

### આડાઅવળા સીધા કરો

રાજકુમાર રાવની ફિલ્મો (૧) મેં શા રુ ઝ ના ર આ દી (૨) બ લી રે કી બ ફી ફી ર (૩) મેઇ ડ ઇ ન યા ન્ડિ (૪) ન હે હો બ રી ગી તે (૫) ઇ કા છે પો

### ગીત ગાતા ચલ

યે મોહ મોહ કે ધાગે, તેરી ઉંગલીઓ સે જા ઉલઝે... આ ગીત મોનાલી ઠાકુરે ગાયેલું આ ગીત કઇ ફિલ્મનું છે?

### ગયા શુક્રવારના જવાબ

★ ઓળખાણ પડી?: લિયોનાર્ડો ડિકેપ્રિયો
★ પકડદાવ: શાહરુખ ખાન
★ ગીત ગાતા ચલ: રહેના હૈ તેરે દિલ મેં

★ આડાઅવળા સીધા કરો:
૧. રંગ દે બસંતી
૨. સાલા ખડૂસ
૩. તનુ વેડ્સ મનુ
૪. જોડી બ્રેકર્સ
૫. મુંબઈ મેરી જાન

જોડી જમાવો:

| | |
|---|---|
| ૧. ભાનુ આથૈયા | બેસ્ટ કોચ્યુમ ડિઝાઇનર |
| ૨. રિસુલ પોકુટ્ટી | બેસ્ટ સાઉન્ડ મિક્સિંગ |
| ૩. એ. આર. રહેમાન | બેસ્ટ ઓરિજિનલ સ્કોર |
| ૪. ગુલઝાર | બેસ્ટ ઓરિજિનલ સોંગ |
| ૫. સત્યજીત રે | હોનોરરી એવોર્ડ |

### શબ્દલાલિત્ય

કાન્તા વોરા



**આડી ચાવી**

૧. ચંદ્રમા (૨)
૨. મજબૂત અને ટકાઉ નહીં એવું (૪)
૪. હુંપદ, અહ (૨)
૬. - - - પોકારવી=કંટાળવું, ત્રાસી જવું (૨)
૭. ગગન (૨)
૯. પાર્વતી (૪)
૧૨. કજિયો, ટંટો (૩)
૧૪. લહેરી, આનંદી (૩)
૧૫. પાઠ, ધડો (૩)
૧૬. આંખમાં આંજવાનો પદાર્થ (૩)
૧૮. ગત (૩)
૨૧. પૂંજ, ખડકલો (૩)
૨૩. બેસુમાર (૪)
૨૬. વીરનું ભૂષણ (૨)
૨૭. રક્ષણ (૨)
૨૯. યાત્રાનું ધામ (૨)
૩૦. ગામની સીમા (૪)
૩૧. આવરદા (૨)

**ઊભી ચાવી**

૧. મીણબત્તી (૨)
૨. પાયમાલી (૩)
૩. ગરીબાઈ (૩)
૫. લાંબું (૨)
૮. લલાટ (૨)
૧૦. દેવ (૨)
૧૧. સાંધ્ય ગીતો (૨)
૧૨. વાતર (૨)
૧૩. દિલગીરી શોક (૪)
૧૪. રૂબરૂ, સમક્ષ (૪)
૧૭. વાડ વિના -- ન ચડે (૨)
૧૯. ખૂબ તીખું (૨)
૨૦. અરણ્ય (૨)
૨૨. અહંકાર, મદ (૨)
૨૩. પખવાડિયાનો છેલ્લો દિવસ (૩)
૨૪. દુઃખ, પીડા (૩)
૨૫. મન ને કાચ તૂટ્યા પછી સંધાય નહીં (૨)
૨૮. પવન (૨)

### ગયા વખતનો ઉકેલ



### સુડોકુ-૪૨૫૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | | | | ૯ | | ૩ | |
| ૫ | | | ૮ | | | | | ૯ |
| ૧ | | ૯ | ૫ | | | | | ૪ |
| | ૪ | | | ૮ | ૨ | | | |
| | | ૫ | | | | ૬ | | |
| | | | ૬ | ૫ | | | ૧ | |
| ૨ | | | | | ૭ | ૪ | | ૬ |
| ૪ | | | | | ૮ | | | ૭ |
| | ૭ | | ૧ | | | | | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૪૨૫૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૭ | ૪ | ૯ | ૧ | ૮ | ૩ | ૬ | ૫ |
| ૧ | ૯ | ૩ | ૫ | ૪ | ૬ | ૭ | ૮ | ૨ |
| ૮ | ૫ | ૬ | ૭ | ૨ | ૩ | ૧ | ૪ | ૯ |
| ૫ | ૧ | ૮ | ૨ | ૬ | ૯ | ૪ | ૩ | ૭ |
| ૭ | ૪ | ૯ | ૩ | ૮ | ૫ | ૨ | ૧ | ૬ |
| ૩ | ૬ | ૨ | ૧ | ૭ | ૪ | ૯ | ૫ | ૮ |
| ૬ | ૮ | ૧ | ૪ | ૯ | ૨ | ૫ | ૭ | ૩ |
| ૪ | ૨ | ૫ | ૬ | ૩ | ૭ | ૮ | ૯ | ૧ |
| ૯ | ૩ | ૭ | ૮ | ૫ | ૧ | ૬ | ૨ | ૪ |

**ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોના નામ અહીં આપ્યા છે. અભિનંદન.**

(૧) સુભાષ મોમાયા (૨) મૂળરાજ કપૂર (૩) કલ્પના આશર (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) પુષ્પા સુતરીયા (૬) રસીક જુઠાણી - ટોરોંટો - કેનેડા (૭) નીતા દેસાઈ (૮) હરીશ સુતરીયા (૯) રજનીકાંત પટવા (૧૦) ભારતી બુચ (૧૧) ખુશરુ કાપડીયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) નિખીલ બંગાળી (૧૪) નિતીન જે. બજરીયા (૧૫) પ્રવીણ વોરા (૧૬) ડો. પ્રકાશ કટકીયા (૧૭) ભારતી કટકીયા (૧૮) વિભા મહેશ્વરી (૧૯) પુષ્પા પટેલ (૨૦) લજીતા ખોના (૨૧) પ્રજ્ઞા પુરોહિત (૨૨) પ્રમોદ પુરોહિત (૨૩) તાહેર ઔરંગાબાદવાલા (૨૪) શીરીન ઔરંગાબાદવાલા (૨૫) ઝુબેદા યુસુફ નીમચવાલા (૨૬) હર્ષા મહેતા (૨૭) રાજુ ભદ્રેશ પટેલ (૨૮) અશોક સંઘવી (૨૯) જ્યોતી ખાંડવાલા (૩૦) હિના દલાલ (૩૧) મીના હર્ષ શાહ (૩૨) ઈનાક્ષી દલાલ (૩૩) રમેશચંદ્ર દલાલ (૩૪) ભાવિન જોષી (૩૫) મીનળ કાપડીયા (૩૬) મહેન્દ્ર લોઢાવીયા (૩૭) રંજન લોઢાવીયા (૩૮) અરવિંદ કામદાર (૩૯) અંજુ ટોલીયા (૪૦) શિલ્પા શ્રોફ (૪૧) ભાવના કર્વે (૪૨) અબ્દુલકરીમ હાર્ડવેરવાલા (૪૩) દેવેન્દ્ર સંપટ (૪૪) અલકા વાણી (૪૫) દેવ્યાની દેસાઈ (૪૬) દિલીપ પરીખ (૪૭) વર્ષા મિલિંદ ગાંધી (૪૮) જ્યોત્સના ગાંધી (૪૯) સુનીતા પટવા (૫૦) સુરેખા દેસાઈ (૫૧) મનીષા શેઠ (૫૨) ફાલ્ગુની શેઠ (૫૩) ક્રિષ્ણાકુમાર કાપડીયા